# કોંગ્રેસ શા માટે હતાશ છે?

**- અરુણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)**

મેં ગયા અઠવાડિયામાં જે બે ટિપ્પણીઓ કરી હતી તેનો સંદર્ભ અહીં ટાંકવા ઈચ્છું છું. સૌપ્રથમ તો, કોંગ્રેસે અસરકારક રીતે વર્ષ 2014ની ચૂંટણી લડવા માટેનો દૃઢ નિર્ધાર ગુમાવી દીધો છે. કોંગ્રેસ પક્ષ જાણે સ્પર્ધામાંથી અત્યારથી દુર થઈ ગયો છે. બીજું, રાજ્ય વિધાનસભાના ચૂંટણી પરિણામો 8મી ડિસેમ્બર, 2013ના રોજ જાહેર થવા સાથે યુપીએ સરકારનું જાણે કે નિષ્ક્રીય બતકમાંથી મૃત બતકમાં રૂપાંતર થઈ ગયું છે. આ બે ટિપ્પણીઓ છતાં, બહોળો રાજકીય અનુભવ ધરાવતો કોંગ્રેસ પક્ષ લડત આપવાના પ્રયાસ કરશે એ નક્કી છે. છેવટે સ્થિતિસ્થાપકતા ભારતીય રાજકારણમાં એક આવશ્યક પાસું છે.

હું , જો કે, પ્રતિકૂળતાના વાતાવરણ વચ્ચે કોંગ્રેસની લડત સંપૂર્ણ પતનની દિશામાં આગળ વધી રહી છે તે બાબત આશ્ચર્યજનક છે. કોંગ્રેસની બેઠકો ફાઈલ મંજૂરી અથવા કેન્દ્રીય કેબિનેટની સાપ્તાહિક બેઠકો જેવી નિયમિત કામગીરી પૂરતી મર્યાદિત બની ગઈ છે. તે સિવાય, સરકાર સંપૂર્ણપણે લકવાગ્રસ્ત થઈ ગઈ છે. કેટલાક પ્રધાનો પણ ઘમંડી જવાબો અને અતિશયોક્તિભર્યા ટ્વીટ્સ કરતા હતા તેઓ અદ્રશ્ય થઈ ગયા છે. દોષનો ટોપલો એકબીજા પર ઢોળવાની રાજકીય રમત શરૂ થઈ છે. કેટલાક કેન્દ્રીય પ્રધાનો ખાનગીમાં કહે છે કે વડાપ્રધાનની કચેરી બિન રાજકીય અભિગમ ધરાવે છે, અન્ય નેતાઓ એવું કહે છે કે કોઈનું સાંભળવામાં આવતું નથી.

ભાજપે માત્ર વર્ષ1997, 1998 અને 1999 માં સત્તા હાંસલ કરી હતી. અમે વર્ષ1989માં ટૂંકા ગાળા માટે સરકારને બહારથી ટેકો આપ્યો હતો. બાકીના સમયગાળામાં અમે વિરોધ પક્ષની

ભૂમિકા ભજવી હતી. વર્ષ 1984માં લોકસભામાં ભાજપને બે બેઠકો મળી ત્યારે અમારો દેખાવ સૌથી નીચલા સ્તરે હતો. રકાસ છતાં અમે વિચારધારા બદલી નહિ. અમે હિંમત ગુમાવી ન હતી. અમારે લડત માટે રાહ જોવી ન હતી. અમે ચૂંટણી હારી ગયા ત્યારે પણ વર્ષ 2004 માં અમે હિંમત હારી ન હતી અને અમારી કામગીરી બાબતે અમને ગૌરવ હતું. તે વખતે સામ્યવાદી પક્ષોની કામગીરી માત્ર થોડા રાજ્યો પૂરતી મર્યાદિત હતી. રાષ્ટ્રીય સ્તરે તેઓની શક્તિ મર્યાદિત છે અને હજુ સુધી તેઓએ હેતુ નક્કી કર્યા વિના જ રાજકારણ ચાલુ રાખ્યું છે.

કોંગ્રેસીઓ આજે શા માટે હતાશ છે? શું તેનું કારણ એ છે કે તેઓ ઘણા લાંબા સમયથી સત્તામાં છે અને હવે સત્તા વિના જીવી શકતા નથી? કે પછી ઘમંડી વર્તણૂક, કૌભાંડો અને સીબીઆઇ જેવી સંસ્થાઓ દુરુપયોગ હવે તેઓને ભારે પડી રહ્યો છે? તેઓ સત્તા વિના કેમ રહેવું તે વિચારથી ખૂબ જ ભયભીત છે. ઘણાં પ્રધાનો હવે મે-2014 પછીના જીવનનું આયોજન કરવામાં વ્યસ્ત થઈ ગયા છે. શું યુપીએ સરકાર છેલ્લા કેટલાક મહિનામાં લેવામાં આવેલા નિર્ણય યાદ કરે છે? કોંગ્રેસીઓ કંઈક ખોટું થયું છે કે શું તેનું આત્મનિરીક્ષણ કરવા માટે તૈયાર છે ખરા?

રાજવંશીય પક્ષોની સમસ્યા પોતાની તાકાત સાથે સહઅસ્તિત્વ અને નિયંત્રણની પણ છે, જે રાજવંશ કે પેઢીના સંભવિત ભાવિ અંગે ચિંતિત છે. પંડિત જવાહરલાલ નહેરુ અથવા ઈન્દિરા ગાંધી તેમના વ્યક્તિત્વના આધારે પક્ષને ચલાવતા હતા. સમકાલીન પેઢી કે માટે એવું સંભવિત નથી, કારણ કે નવી પેઢી એવો કરિશ્મા ધરાવતી નથી. નેતૃત્વ અને નિર્ધારિત વિચારધારા બાબતે હજુ પણ પ્રતિકૂળતા છે. એક પક્ષ રાજવંશી પરિવાર સાથે તરશે કે ડૂબી જશે?